જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૮/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૮૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૭૯૨૧	૧૮૭	૬૮૧૦૮	૬૮૭૨૯	૧૮૩	૬૮૯૧૨
કુલ		૮૪૩૯૭	૧૮૭	૮૪૫૮૪	૯૩૧૧૯	૧૮૩	૯૩૩૦૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૯	૪,૧૦,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૬૩	૯,૬૩,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ડી.વી. તડવી સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.પી.ગરાસીયા તથા અ.હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા અ.હેડ.કોન્સ.ભરતકુમાર ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા અ.હેડ.કોન્સ.મોસીનમીયા યાસીનમીયા બ.નં.૯૧૨૫ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં.૧૨૮૩ તથા પો.કો.ખુમાનસિહ બળદેવભાઇ બ.નં.૭૨૮૮ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમિયાન સાથેના પો.કોન્સ.ખુમાનસિહ બળદેવભાઇ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે (૧) અલ્માસ મુખત્યારભાઇ મકરાણી ઉ.વ.૨૪ રહે : મ.નં.૧/૪ પરિક્ષિતલાલનગર બહેરામપુરા અમદાવાદ શહેર નાએ ચોરી કરી મેળવેલ ટુ વ્હિલરના સ્પેર પાર્ટસ કિ,રૂ,૧૩,૫૦૦/- તથા બજાજ બોકસર મો.સા. કિ,રૂ,૧૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૨૩,૫૦૦/-મુદ્દામાલ સાથે પકડી લઇ રામોલ પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૨૪૨૧૧૫૯૭/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ – ૩૭૯ મુજબ નો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

સટ્ટા બેટીંગનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ અનુસંધાને અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી અસામાજીક/દારૂ/જુગાર જેવી પ્રવૃતીઓ શોધી કાઢવા મે.પો.કમિશ્રી દ્વારા તા.૯.૮.૨૦૨૧ થી તા.૬.૯.૨૦૨૧ સુધી પ્રોહિબીશન/જુગારની ડ્રાઈવ અંગે સુચના મળતા જે અન્વયે પો.ઇન્સ. ડી.વી.તડવી સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એ.ઓ.ભરવાડ નાઓની સુચના અન્વયે અ.હેડ.કોન્સ. મોસીન યાસીનભાઈ બ.નં.૯૧૨૫ તથા અ.પો.કો ખુમાનસિહ બળદેવભાઈ બ.નં-૭૨૮૮ તથા અ.પો.કો.વજાભાઈ દેહુરભાઈ બ.નં-૧૦૩૧૭ તથા પો.કો.એઝાજહુસેન શાબીરભાઈ બ.નં-૬૪૮ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.પો.કો ખુમાનસિહ બળદેવભાઈ તથા પો.કો. એઝાજહુસેન શાબીરભાઈ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી નં (૧) મોહમદ ઈમરાન સન/ઓફ મુખત્યારઅહેમદ જાતે શેખ ઉ.વ-૨૮ રહે-મ.નં-૨૦૯ છીપા સોસાયટી ભારત ટ્રેડર્સ પાછળ દાણીલીમડા અમદાવાદ શહેર નાનો બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો સટ્ટા બેટીંગનો પૈસાની લેતી દેતી વાળો જુગાર રમી રમાડતા રોકડા રુપીયા ૧૦,૨૫૦/-તથા સટ્ટા સ્લીપ નંગ-૧ કિં.રૂ.૦૦/૦૦- તથા બોલપેન નંગ-૧ કિં,રૂ.૦૦/૦૦ ના મુદ્દામાલ સાથે પકડી લઇ સટ્ટા બેટીંગનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



પશુ સંરક્ષણ અધિનિયન મુજબ આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

ગૌ માંસનો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી પશુ કતલની ગે.કા.પ્રવૃતિઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી ડી.વી.તડવી સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના એન.પી.ગરાસીયા પો.સબ.ઇન્સ.તથા એ.એસ.આઇ.વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા અ.પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૪૯૦૦ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમિયાન સાથેના અ.પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૪૯૦૦ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી મોહમદફૈજાન ઉર્ફે નાનું રીયાઝુદીન કુરેશી ઉ.વ.૨૨ રહે : મ.નં.૧૬/૧૭ અલઅલમ સોસા.રહેમાનીયા મસ્જિદની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાને તેના કબજાની દુકાનમાં વેચાણ કરવા સારૂ રાખેલ ગે.કા.ગૌમાંસ આશરે ૨૦ કિ,ગ્રા.કિ,રૂ,૫,૦૦૦/- તથા માંસ કાપવાનો કુન્દો નંગ-૧ તથા લોખંડનો છરો નંગ-૧ કિ,રૂ,૦૦/૦૦ ના મુદામાલ સાથે પકડી લઇ સદરી આરોપીઓ (૧) સોહીલ ઇમ્તિયાઝભાઇ કુરેશી રહે : ન્યુ ફૈસલનગર બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર (૨) અકબર ઇનાયતખાન પઠાણ રહે : બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેરનાઓને વોન્ટેડ બતાવી દાણીલીમડા પોલીસ સ્ટેશન બી પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૨૨૧૧૧૨૬૦/૨૦૨૧_ધી પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૧ ની કલમ ૬(ખ)(૧),૭ તથા ધી પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ ૫(૧)(ક),૮(૪),૧૦ તેમજ ધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ ૩૩૫,૩૯૨ મુજબ નો ગુનો ગૌમાંસ નો ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/ કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

હિંમતસિંહ સ/ઓફ કાળુભા પરમાર ઉ. વ. ૩૨ રહે. મ નં ૧૪ બ્લોક નં ૦૧ રઘુવિર એપાર્ટમેન્ટ પયદેવ મંદીર પાસે અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૪૬૦/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૫(એ,ઇ), ૯૮(૨), બી,૮૧ તથા ઇપીકો કલમ ૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટની એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧ (બી) મુજબ (૨) કણભા પો સ્ટે ગુ ૨ નં સી/૧૧૧૯૨૦૩૦૨૧૦૦૧૭/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૫(એ,ઇ), ૯૮(૨), ૮૧ મુજબ (૩) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૦૯૫૬/૨૦૨૦૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬ (૧) બી , ૬૫(એ ઇ), ૯૮(૨), ૧૧૬ (બી) ,૮૧ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૪૭૫/૨૦૨૧ તા. ૧૪/૦૬૮/૨૦૨૧ તથા બજવણી તા. ૧૪/૦૮/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા એ એસ આઇ અળખાભાઇ કરશનભાઇ બ.નં- ૮૬૧૫ તથા અ પો કો કરણભાઇ ગિરધરભાઇ બ.નં. ૧૨૭૮૧ તથા અ પો કો વીવેકભાઇ નટવરલાલ બ. નં. ૩૪૬૯



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૮૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૧૬૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૮૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૪૮૩/૨૦૨૧**

ચાંદખેડાઃ જીગ્નેશભાઇ ચંપકભાઇ દોશી (ઉ.વ.૪૦) (રહે.હીમાલયા ઝેરકોર્ન વિશ્વકર્મા એન્જીનીયરીંગ કોલેજની બાજુમા મોટેરા) એ તા.૧૪/૦૮/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૮૦૩૭૮૦૪૧૧૪ ના ધારકે જીગ્નેશભાઈ દોશીને ફોન કરી આર.બી.એલ.માંથી વાત કરતા હોવાની ઓળખ આપી જીગ્નેશભાઈનુ ક્રેડીટ કાર્ડ બંધ થઈ જવાનુ જણાવી ક્રેડીટ કાર્ડ ચાલુ રાખવા પ્રોસેસ કરવાનુ કહી જીગ્નેશભાઈના મોબાઈલમાં આવેલ ઓ.ટી.પી. નંબર મેળવી લઈ જીગ્નેશભાઈના આર.બી.એલ.ના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૨૮,૯૨૦/- ઓનલાઇન ટ્રાંજેક્શન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

સાબરમતીઃ (૧) ઉમેશભાઇ ગુણંવતલાલ શાહ (ઉ.વ.૫૨) (રહે. પારસમણી ફ્લેટ મહાવિરનગર જવાહર ચોક સાબરમતી) એ તા.૧૪/૦૮/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૯૧૩૦૩૧૦૪૨૩ ના ધારકે ઉમેશભાઇ શાહને ફોન કરી યુ.એસ.થી ઉમેશભાઈના મિત્ર ધનરાજભાઈ વાત કરતા હોવાની ઓળખ આપી હતી અને તેમને રૂપિયા ૫૦,૦૦૦/- જરૂર છે તેમ કહી ખાતા નંબર આપ્યો હતો. રાજસ્થાનના વતની ધનરાજભાઈ ઉમેશભાઈના મિત્ર હતા. જેથી ઉમેશભાઈએ પોતાના મિત્ર જ વાત કરતા હોવાનુ સમજી તેઓએ આપેલ ખાતામાં ઉમેશભાઈએ રૂપિયા ૫૦,૦૦૦/- ગુગલ-પે થી પૈસા ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ફરી રૂપિયાની માંગણી કરતા ઉમેશભાઈ પાસેના તેના મિત્ર ધનરાજભાઇના મોબાઈલ ફોન નંબર ઉપર સંપર્ક કરી હકીકત કહેતા ધનરાજભાઈએ જણાવેલ કે મારું ખાતુ હેંગ થયેલ છે અને મારે પૈસાની જરૂર નથી. તેમ કહેતા ઉમેશભાઈ સાથે અજાણી વ્યક્તિએ મિત્રના નામે તેઓના ખાતામાં રૂપિયા ૫૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

સાબરમતીઃ (૨) સિન્ટુ સ/ઓ ઇન્દ્રજીત બનારસી (ઉ.વ.૨૮) (રહે. સરસ્વતિનગર ન્યુ રાણીપ) એ તા.૧૪/૦૮/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૯૫૯૯૩૨૩૧૮૫, ૯૯૫૮૩૨૪૬૧૭ તથા ૭૫૮૨૦૧૪૬૨૯ ના ધારકે સિન્ટુ બનારસીને ફોન કરી અમદાવાદ એરપોર્ટ ઇન્ડિગો એરલાયન્સમાં સીક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી અપાવવાનુ કહેતા સિન્ટુ બનારસીને નોકરી કરવાનુ જણાવતા તેઓએ સિન્ટુ બનારસી પાસેથી અલગ-અલગ ચાર્જ પેટે કુલ રૂપિયા ૨૭,૫૦૦/- તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

કૃષ્ણનગરઃ મિલન પ્રભુદાસ સુખાનંદી (ઉ.વ.૩૨) (રહે.ધર્મજીવન ટેનામેન્ટ હીરાવાડી રોડ ચામુંડા ડેરીની અંદર ખાંચામાં હીરાવાડી કૃષ્ણનગર) એ તા.૧૪/૦૮/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૦ ના રોજ મોબાઇલમાં YONOSBI નામની એપ્લીકેશન ચેક કરતા ખબર પડેલ કે પોતાના બેન્કના ખાતામાંથી ગામી રમેશભાઇ બાબુ નામની વ્યક્તિના ખાતામાં કુલ રૂપિયા ૪,૯૯,૯૯૯/- ઓનલાઇન ટ્રાન્સફર કરી અજાણી વ્યક્તિએ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

<u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૮૪/૨૦૨૧</u>

શહેરકોટડાઃ વસુદેવ ગુટઇરામ જાટ (રહે. રામભરોસેની ચાલી રાજસ્થાન વિડીયો પાસે પ્રેમનગર મેમ્કો) એ તા.૧૪/૦૮/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૨૧ રાતના ૨/૪૫ વાગ્યાના સુમારે અનીલ સ્ટાર્ચ મીલ રોડ જયહિંદ વે બ્રિજ સામે બીડનું મટીરીયલ કિમત રૂપિયા ૧૦,૭૦,૧૪૯/- ભરેલ ટાટા કંપનીની ટ્રક નંબર જીજે ૧૮ ટી ૯૧૫૭ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરેલ હતી. જે અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રતાપસિહ ખાતુજી ચલાવે છે.

દાણીલીમડાઃ મોહીતકુમાર સાંભાશિવારાવ નંબુરૂ (રહે. સ્પર્સ અરણ જી.બી,શાહ કોલેજ પાસે વાસણા) એ તા.૧૪/૦૮/૨૦૨૧ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા પાંચ મહીનાથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા બેરલ માર્કેટ કચરાના ઢગલા પાસે આવેલ એ.એમ.સી.પંપીંગ સ્ટેશન ખાતેથી લોખંડની કંટ્રકશન સામગ્રી બે ટન કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૮૫/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ પ્રકાશભાઇ ચેહરભાઇ પરમાર (રહે.રામબાગ ઓડાના મકાન રણછોડનગર સામે ચાંદલોડિયા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૧ બપોરના ૪/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિહભાઈ નાનજીભાઈ ચલાવે છે.

ચાંદખેડાઃ અલ્કાબહેન શૈલેષભાઇ સૌલંકી (ઉ.વ.૨૫) (રહે. રામેશ્વર એપાર્ટમેન્ટ એલ.આઇ.જી.-૩ ન્યુ.સી.જી રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "એલ" ડિવીઝન ચલાવે છે.

બાપુનગરઃ જગદીશભાઇ બ્રિજનાથ ગુપ્તા (ઉ.વ.૫૭) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ આઝાદ ચોક બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૧ કલાક ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદીશપ્રસાદ ચલાવે છે.

ઓઢવઃ લીલાબહેન રમેશભાઇ મકવાણા (ઉ.વ.૫૮) (રહે.જનતાનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૧ સાજના ૫/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૮/૨૦૨૧ કલાક ૫/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી